જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૦/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૧/૧૫**

**મંદિરમાંથી ચોરી કરનાર રીઢા ચોરને ઘરફોડ ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ,**

નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી સાયબર સેલ નાઓની સુચનાથી પો.ઇન્સ.શ્રી કે.આઇ.મોદી સા.ની ટીમના પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરાનાઓ તેમના સ્ક્વૉડના માણસો સાથે અમદાવાદ શહેરમાં બનતાંમિકલત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં નિકળેલા દરમ્યાન સ્ટાફના પો.કોન્સ.રમેશગીરી ભાનુદાસગીરી તથા પો.કોન્સ.ચિરાગકુમાર કિશોરભાઇ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે આરોપી સંજય ઉર્ફે અંગુઠો S/O રાજુભાઇ બબાજી ભીલ ઉવ. ૨૨ ધંધો મજુરી રહેવાસી રમેશદત્ત કોલોની, ભીલવાસ પાણીની ટાંકી પાસે સરદારનગર અમદાવાદ શહેર નાને (૧) પિત્તળ જર્મન જેવી ધાતુ ની મોટી થાળીઓ નંગ-૩, (૨) પિત્તળ જર્મન જેવી ધાતુના દિવા ના ઢાંકણ નંગ-૨ (૩) પિત્તળ જર્મન જેવી ધાતુની કુંડી નંગ-૧, (૪) જર્મન સિલ્વર જેવી ધાતુનો દિવો નંગ-૧, (૫) પિત્તળ જર્મન જેવી ધાતુની નાની સાઇઝની થાળી (૬) પિત્તળ જર્મન જેવી ધાતુની નાની સાઇઝની વાટકી વિગેરે પુંજાને લગતી ચીજવસ્તુઓ સાથે પકડી પાડેલ.

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં આરોપી અગાઉ પણ આવી ઘરફોડ ચોરીઓને અંજામ આપી ચુકેલ છે અને પોલીસના હાથે સરદારનગર પોલીસ સ્ટેશન તેમજ વેજલપુર પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીઓના ગુન્હામાં પકડાઇ ચુકેલ છે અને તેની પાસેથી મળી આવેલ ઉપરોક્ત ચીજ વસ્તુઓ બાબતે પુછપરછ કરતાં પકડાયેલ આરોપી સંજય ઉર્ફે અંગુઠો નાનો નશો કરવાની લત વાળો હોય બપોરના સમયે ચાલતો ચાલતો આવી પાલડી વિસ્તારમાં જૈનનગર ખાતે આવેલ અને જ્યાં બપોરના સમયે તેને કોઇ દેખાયેલ નહી જેનો લાભ લઈ આ જૈન ઉપાશ્રયમાં ગયેલ અને ઉપાશ્રયમાં બંધ તાળા તોડવાનો પ્રયત્ન કરેલ પરંતુ તાળ તુટેલ નહી અને બહારના ભાગે પડેલ પુજા કરવા માટે વપરાતા સાધનો એક થેલામાં ભરી નિકળી ગયેલ. અને જે તેના ઘરે મુકી રાખેલ જે ચીજ વસ્તુઓ વેચવા જતાં ચોરીમાં ગયેલ આ ચેજવસ્તુઓ સાથે તેને પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપી અગાઉ પણ ઘરફોડ ચોરીઓને અંજામ આપી ચુકેલ હોય અને અત્રે તેણે પુછપરછ દરમ્યાન એક ચોરી કરેલ હોવાનુ જણાવે છે જેથી આ ચોરી સિવાય આ સંજય ઉર્ફે અંગુઠાએ કેટલી ચોરીઓ કરેલ છે તે દિશામાં તપાસ ચાલુ છે અને બીજી પણ આવી ચોરીઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતા રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

# " બટાટાની બોરીઓની આડમાં ટ્રકમાં ઇંગ્લીશ દારુનો જથ્થો છુપાવી લઇ આવતા નાસતા ફરતા લીસ્ટેડ બુટલેગરોની ગેંગને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ. "

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ શહેર વિસ્તારમાં પ્રોહિ.ડ્રાઇવ રાખેલ હોય તેમજ આગામી દિવાળીના તહેવારો દરમ્યાન પ્રોહી.ની બદી અંકુશ હેઠળ રહે તે સારું સખ્ત પગલા લેવા આપેલ સુચનાઓ અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી તથા સ્ટાફના અધિકારી તથા પોલીસ કર્મચારીઓ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો.રોહિતસીંહ નાઓને મળેલ બાતમી હકિકત આધારે નાસતો ફરતો પ્રોહિ.બુટલેગર સલીમ તોતો તથા ખુન તથા મારામારી અને દારુના ધંધાનો વેપાર કરતો દાદુભા જુજારસીંહ વાઘેલા તથા પ્રોહિ.બુટલેગર કિશોર લંગડાનો બનેવી નાઓ ભેગા મળી ટ્રકમાં બટાટાની બોરીઓની આડમાં ઇંગ્લીશ દારુનો જથ્થો લઇ રામોલ ખાતે ઉતારનાર હોવાની બાતમી હકિકત આધારે સ્ટાફના અધિ.તથા માણસો સાથે વોચ કરતા બાતમીમાં જણાવેલ ટાટા અલ્ટ્રા ટ્રક નં.જીજે-૭-વાયવાય-૪૬૮૪ ને રોકવા જતા ચપળ અને ચાલાક એવો પ્રોહિ.બુટલેગર દાદુભા જુજારસીંહ નાનો નાસી ગયેલ જ્યારે ટ્રકમાં ઇંગ્લીશ દારુનો જથ્થો લઇ આવનાર (૧) **હરીશભાઇ મેમાભાઇ મકવાણા** ઉવ.૩૩ રહે.નારણભાઇના મકાનમાં, ખોડીયારનગરના કાચા છાપરામાં, દશરથ પાન કોનૅર પાસે, દાણીલીમડા, અમદાવાદ શહેર (૨) **સલીમ ઉર્ફે તોતો શકીલભાઇ અન્સારી** ઉવ.૩૦ રહે.ઘર નં.૧૪૩, જનતાનગર, જૈન મંદીર પાસે, રામોલ રોડ, અમદાવાદ શહેર (૩) **અશોકસીંહ જાબુભા ગોહિલ** ઉવ.૪૫ રહે.મ.નં.૧૫ શિવનંદન રેસીડેન્સી, મનોહરવિલા ચાર રસ્તા પાસે, નવાનરોડા, અમદાવાદ નાઓના કબ્જાની ટ્રકમાં તપાસ કરતા સડેલા બટેટાની બોરીઓની નીચે રોયલ સ્ટેગ તથા રોયલ ચેલેન્જર્સ બ્રાન્ડની ઇંગ્લીશ દારુની કુલ્લે બોટલો નંગ ૧૩૬૮ કિંમત રુ.૫,૪૭,૨૦૦/૦૦ તથા બિયરના ટીન નંગ ૮૮૮ કિ.રુ.૮૮,૮૦૦.૦૦ સાથે મળી કુલ ૬,૩૬,૦૦૦/૦૦ ના દારુ બિયરના જથ્થા સાથે પકડી પાડી તેઓ વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ પૈકી સલીમ ઉર્ફે તોતો ક્રાઇમ બ્રાન્ચના પ્રોહી.ના બે ગુન્હાઓમાં, ગોમતીપુર પો.સ્ટે.ના પ્રોહિ.ના એક ગુન્હાઓમાં, તેમજ અશોકસીંહ ગોહિલ નાનો શાહીબાગ પો.સ્ટે.માં દારુના ગુનામાં તેમજ ફાયરીંગના ગુનામાં ઘણા લાંબા સમયથી વોન્ટેડ હોવાનું અને પોતાની ધરપકડ ટાળવા નાસતા ફરતા હોવાનું જણાઇ આવેલ છે.

પકડાયેલ આરોપીઓ પૈકી અશોકસીંહ નાનો પ્રોહિ.બુટલેગર કિશોર લંગડાનો બનેવી થાય છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)